सत्यमेव जयते

**આંક :–___**

<table>
<tr><td colspan="4">કેસ પ્રાપ્તિ તારીખ :</td><td colspan="3">૦૪/૧૦/૨૦૨૨.</td></tr>
<tr><td colspan="4">કેસ દાખલ તારીખ :</td><td colspan="3">૦૪/૧૦/૨૦૨૨.</td></tr>
<tr><td colspan="4">કેસ નિર્ણિત તારીખ :</td><td colspan="3">૦૪/૧૧/૨૦૨૪.</td></tr>
<tr><td>અવધિ</td><td>**૦૨**</td><td>વર્ષ</td><td>**૧**</td><td>માસ</td><td>**૦૦**</td><td>દિવસ</td></tr>
</table>

**<u>આઠમા અધિક જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલત સમક્ષ, મું.</u>**

**<u>જૂનાગઢ.</u>**

**<u>ફોજદારી કેસ નં.૬૦૭૮/૨૦૨૨.</u>**

**શ્રી સરકાર**
(મુળ ફરિયાદી : સંજયભાઈ સવદાસભાઈ માલમ, પો.કો.)
(જૂનાગઢ બી–ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા
રજીસ્ટર નંબર : ૧૧૨૦૩૦૨૪૨૨૦૪૯૨/૨૦૨૨) **– ફરિયાદી.**

**<u>વિરૂધ્ધ.</u>**

**ભાવેશભાઈ જીવનભાઈ સોલંકી,**
ઉ.વ.આ. ૩૯, ધંધો–મજુરી,
રહેવાસી : જૂનાગઢ, જોષીપરા,
ખલીલપુર રોડ, હનુમાનપરા, **– આરોપી.**

**<u>આરોપ :–</u>** <u>નશાબંધી અધિનિયમની કલમ–૬૫(એ)(એ) મુજબ.</u>

---

ફરિયાદ પક્ષ તરફે :– વિ.એ.પી.પી.શ્રી આઈ. એ. સમા.
આરોપી તરફે :– ––

---

**<u>–:: ચૂકાદો ::–</u>**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૭/૦૭/૨૦૨૨ ના કલાક ૨૦:૧૫ વાગ્યે જૂનાગઢ ખલીલપુર રોડ હનુમાનપરામાં પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર રીતે દેશી પીવાનો દારૂ લીટર-૫ કિંમત રૂ.૧૦૦/- નો પ્રોહીબીશન મુદામાલ રાખી રેઈડ દરમિયાન હાજર નહીં મળી આવી ગુન્હો કરેલ છે.

(૨) સદરહુ ગુન્હાની ફરિયાદ ફરિયાદીએ બી-ડીવીઝન પોલીસ સ્ટેશન, જૂનાગઢમાં આપતા, જૂનાગઢ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ઉપરોકત મુજબનો ગુન્હો દાખલ થયેલ અને તપાસ કરનાર અમલદારે તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુન્હાનું ચાર્જશીટ અદાલતમાં રજૂ કરેલ છે.

(૩) આ કામના આરોપીને સમન્સ/વોરંટ કરવામાં આવતા, આરોપી મળી આવતા ન હોય અને સમન્સ/વોરંટની બજવણી થતી ન હોય અને નજીકના ભવિષ્યમાં આરોપીની હાજરી સુનિશ્ચિત કરી શકાય તેવા કોઈ સંજોગો ન જણાતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં.૨૬૧૮/૨૦૧૬ ની સૂચના મુજબ ફોજદારી કાર્યરીતિ સં હિતાની કલમ-૨૯૯ અન્વયે આરોપીની ગેરહાજરીમાં કેસની કાર્યવાહી આગળ ચલાવવાનો તથા પુરાવો નોંધવાનો તા.૨૨/૦૭/૨૦૨૪ ના રોજ આંક-૧ લગત હુકમ કરવામાં આવેલ છે. જેથી ત્યારબાદ ફરિયાદ પક્ષે પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) સદરહુ ગુન્હાઓનાં આક્ષેપો સાબિત કરવા માટે ફરિયાદ પક્ષ ધ્વારા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો :-</u>**

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| (૧) | ફરિયાદી સંજયભાઈ સવદાસભાઈ માલમ | ૩ |
| (૨) | પંચ સાહેદ બાલકૃષ્ણ રવિશંકર ઠાકર | ૫ |
| (૩) | તપાસનીશ અધિકારી કમલેશભાઈ ધનજીભાઈ રાઠોડ | ૭ |

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| (૧) | અસલ ફરિયાદ. | ૪ |
| (૨) | રેઈડ કરી મુદામાલ કબજે કર્યાના પંચનામાની ખરીનકલ. | ૬ |
| (૩) | તપાસ હુકમ. | ૮ |
| (૪) | એફ.એસ.એલ. પૃથ્થકરણ અહેવાલ. | ૯ |

**(૫)** ફરિયાદ પક્ષ તરફથી ઉપર પ્રમાણેનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે. રજૂ થયેલ પુરાવાના આધારે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન આરોપીની ગેરહાજરીમાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ હોય વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**(૬)** ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી આઈ. એ. સમાની મૌખિક દલીલો સાંભળી.

**(૭)** ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ ફરિયાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૭/૦૭/૨૦૨૨ ના કલાક ૨૦:૧૫ વાગ્યે જૂનાગઢ હનુમાનપરામાં પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર રીતે દેશી પીવાનો દારૂ લીટર–૫ કિંમત રૂા.૧૦૦/– નો પ્રોહીબીશન મુદામાલ રાખી રેઈડ દરમિયાન હાજર નહીં મળી આવી, નશાબંધી અધિનિયમની કલમ–૬૫(એ)(એ) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૮)** ઉપરોકત મુદાઓ પરત્વે મારા નિર્ણય નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

મુદા નં.(૧) : **નકારમાં.**

મુદા નં.(ર) : **આખરી હુકમ મુજબ.**

**<u>-:: કા ર ણો ::-</u>**

**<u>મુદા નં.૧ :</u>**

**(૯)** ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવે તો ફરિયાદ પક્ષે આંક-૩ થી ફરિયાદી સંજયભાઈ સવદાસભાઈ માલમને તપાસવામાં આવેલ છે. તેઓએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૭/૦૭/૨૦૨૨ ના રોજ તેઓ જૂનાગઢ બી-ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન જૂનાગઢ ખલીલપુર રોડ હનુમાનપરા પાસે પહોંચતા બાતમી રાહે હકીકત મળેલ કે હનુમાનપરામાં પાણીની ડંકી વાળી ગલીમાં રહેતા ભાવેશ જીવનભાઈ સોલંકી તેના રહેણાંક મકાનમાં દેશી પીવાનો દારૂ રાખી વેચાણ કરતો હોય અને હાલ પ્રવૃતિ ચાલુ હોય જેથી બે રાહદારી પંચોને બોલાવી હકીકતની સમજ કરી બાતમી વાળી જગ્યાએ રેઈડ કરતા મકાને કોઈ હાજર મળી આવેલ નહીં. આજુબાજુના રહીશો પાસેથી મકાન અંગેની ખરાઈ કરતા મકાન ભાવેશ જીવનભાઈ સોંકીનું જાણવા મળેલ. મકાનની ઝડતી કરતા ઓસરીમાંથી એક બાચકું મળી આવેલ જેમાં પ્રવાહી ભરેલ બુંગીયું નંગ-૧ પંચો રૂબરૂ સુંઘી સુંઘાડી ખાત્રી કરતા દેશી પીવાના દારૂની તીવ્ર વાસ આવતી હોય તેમાંનો થોડો દારૂ કાચની બોટલમાં ભરી કેમીકલ સેમ્પલ અર્થે શીલ કરેલ બાકીનો દારૂ લીટર-૫ કિંમત રૂા.૧૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલ. આ અં ગે તેઓએ સરકાર તરફે પ્રોહીબીશન કલમ-૬૫(એ)(એ) મુજબની ફરિયાદ આપેલ. જે અસલ ફરિયાદ આંક-૪ થી રજુ કરી ઓળખી બતાવેલ છે. આમ, ફરિયાદીએ પોતાની ફરિયાદને અનુરૂપ ફરિયાદ પક્ષને સમર્થનકારી હકીકતો જણાવેલ છે.

**(૧૦)** વધુમાં ફરિયાદ પક્ષે આંક-૭ થી તપાસનીશ અધિકારી કમલેશભાઈ ધનજીભાઈ રાઠોડને તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદે પોતાની સોગંદ ઉપરની

જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૭/૦૭/૨૦૨૨ ના રોજ તેઓ જૂનાગઢ બી–ડીવીઝન પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ પર હતા તે દરમિયાન પી.એસ.ઓ. તરફથી આ ગુન્હાની તપાસ અંક–૮ ના તપાસ હુકમથી તેઓને મળતા, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ. આરોપીને અટક કરી જામીન મુકત કરેલ. મુદામાલ કેમીકલ તપાસણી અર્થે એફ.એસ.એલ.માં મોકલેલ જેનો રીપોર્ટ આંક–૯ થી રજુ રાખેલ છે. બાદ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવા પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ. આમ, તપાસનીશ અધિકારીએ પોતાની તપાસને અનુરૂપ ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારી હકીકતો જણાવેલ છે.

**(૧૧)** વધુમાં ફરિયાદ પક્ષ તરફે રેઈડ કરી મુદામાલ કબજે કર્યાના પંચનામાના પં ચ સાહેદ બાલકૃષ્ણ રવિશંકર ઠાકરને આંક–૫ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા સહી કરી આપેલી, પંચનામું વાંચેલ નહીં કે વાંચી સંભળાવેલ નહીં. તેમની હાજરીમાં પ્રોહીબીશન મુદામાલ કબજે કરેલ હોય તેવું બનેલ નહીં. આંક–૬ થી પંચનામું રજુ કરી તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદરહુ પંચ સાહેદ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતનો ઈન્કાર કરેલ છે. આમ, સદરહુ પં ચ સાહેદની જુબાનીથી આંક–૬ ના રેઈડ કરી મુદામાલ કબજે કર્યાના પંચનામાની હકીકતો પુરવાર થઈ શકતી નથી.

**(૧૨)** આમ, ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલ ઉપરોકત સમગ્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા ફરિયાદીએ ફરિયાદ હકીકત મુજબ અને તપાસનીશ અધિકારીએ તપાસને અનુરૂપ જુબાની આપી સમર્થનકારી હકીકતો જણાવેલ છે, પરંતુ બનાવ વખતે રેઈડમાં સદર ફરિયાદી સાથે સ્વતંત્ર સાહેદ એવા પંચ હાજર હોવા છતાં સદરહુ પંચ સાહેદે ફરિયાદીની સોગંદ પરની જુબાનીને લ ેશમાત્ર સમર્થન આપેલ નથી તેવા સંજોગોમાં પંચોની હાજરીમાં મુદામાલ કબજે કરવામાં

આવેલ હોય તે હકીકતમાં વિશ્વસનીયતા જણાય આવતી નથી. વધુમાં ફરિયાદ પક્ષના કેસ મુજબ પ્રથમ પંચનામું કરવામાં આવેલ અને ત્યારબાદ ફરિયાદ આપવામાં આવેલ છે જેથી સ્વાભાવિક છે કે, ફરિયાદ આપતી વખતે ફરિયાદીને કોણ કોણ પંચો સાથે હતા તેનો ખ્યાલ હોય તેમ છતાં ફરિયાદમાં પંચોના નામનો ઉલ્લેખ કરેલ નથી, જે હકીકત શં કા ઉપજાવે છે. વધુમાં રેઈડ વાળા સ્થળની માલીકી આ કામના આરોપીની હોવા અં ગે કોઈ આધાર પુરાવો રજુ થયેલ નથી. જેથી રેઈડ વાળી જગ્યાની માલીકી આરોપીની હોવાની હકીકત પુરવાર થતી નથી અને રેઈડ વખતે આરોપી હાજર મળી આવેલ નથી ત્યારે આરોપીના પ્રત્યક્ષ કબજાનો મુદામાલ હોવા અંગે શંકા ઉત્પન્ન થાય છે. વધુમાં બનાવવાળી જગ્યાએથી સ્વતંત્ર એવા સાક્ષી મળી આવે તેવી શકયતા હોવા છતાં ફરિયાદીએ તેવા ઈસમોની હાજરીમાં રેઈડ કરેલ નથી કે તપાસનીશ અધિકારીએ તેવા ઈસમોના નિવેદન નોંધેલ નથી કે ફરિયાદ પક્ષે તેવા ઈસમોને સાક્ષી તરીકે તપાસેલ નથી. જેથી ફરિયાદીના મૌખિક પુરાવાને સ્વતંત્ર સાક્ષી પુરાવાથી સમર્થન મળેલ ન હોય ફકત સદરહુ પોલીસ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં. આમ, તપાસનીશ અધિકારીએ કરવી જોઈતી તપાસ કરેલી નથી. આંક–૪ થી ફરિયાદ રજૂ થયેલ છે, પરંતુ આ કામના મહત્વના એવા પંચ સાહેદ આંક–૬ ના રેઈડ કરી મુદામાલ કબજે કર્યાના પંચનામાને લેશમાત્ર સમર્થન આપતા નથી. જેથી આ કામે જે મુદામાલ કબજે લેવામાં આવેલ છે તે આરોપીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાંથી મળી આવ્યાનું સાબિત થતું નથી ત્યારે સદર દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખી આરોપીને દોષિત ઠરાવી શકાય નહીં. તે સિવાય આ કામે અન્ય કોઈ પુરાવો ફરિયાદ પક્ષે રજુ થયેલ નથી. આમ, રેકર્ડ ઉપર જે પુરાવો પડેલ છે તે પુરાવાથી ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય અને રજૂ થયેલા પુરાવાથી આરોપીની સંડોવણી અંગે શંકા ઉત્પન્ન થતી હોય તેનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે. જેથી **મુદા નં.૧** નો જવાબ **નકારમાં** આપી **મુદા નં.૨** અન્વયે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

## **–:: આખરી હુકમ ::–**

(૧) આ કામના આરોપી ભાવેશભાઈ જીવનભાઈ સોલંકી, રહેવાસી : જૂનાગઢ વાળાને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૮(૧) અન્વયે નશાબંધી અધિનિયમની કલમ–૬૫(એ)(એ) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ હુકમ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૫૩(૬) મુજબ આરોપીની ગેરહાજરીમાં જાહેર કર્યો.

(૩) આ કામે આંક–૨ ની મુદામાલ પાવતીની વિગતે કબજે લેવાયેલ મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

આ હુકમ આજ તારીખ **ચોથી** માહે **નવેમ્બર**, સને **૨૦૨૪** ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ,
તારીખ : ૦૪/૧૧/૨૦૨૪.

**(શિપ્રા સ્યાલ)**
આઠમા અધિક જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જૂનાગઢ.
(GJ-01724)